પેજ 3

# મલાઈકા અરોરાના સાવકા પિતાએ છઠ્ઠા માળેથી ઝંપલાવી આપઘાત કર્યો

**કોઈ** કહે છે કે એમને બીમારી કે એવું કંઈ નહોતું એટલે આ અકસ્માત હતો, પૂર્વ પતિ અરબાઝ ખાન, બોય ફ્રેન્ડ અર્જુન કપૂર વગેરે દોડી આવ્યા



મુંબઈ, 11 સપ્ટેમ્બરઃ અભિનેતા-મોડલ મલાઈકા અરોરાના સાવકા પિતા અનિલ મહેતાએ બુધવારે સવારે મુંબઈમાં એક ઈમારત પરથી કૂદીને કથિત રીતે આત્મહત્યા કરી લીધી હોવાનું એક પોલીસ અધિકારીએ જણાવ્યું હતું.

મહેતા (62) બાંદ્રાના અલ્મેડા પાર્ક વિસ્તારમાં “આયેશા મનોર” બિલ્ડિંગના છઠ્ઠા માળેથી સવારે 9 વાગ્યાની આસપાસ કૂદી પડ્યા હતા, તેમણે કહ્યું હતું કે, ઘટના સમયે મલાઈકા અરોરા પૂણેમાં હતી.

બાંદ્રા પોલીસની એક ટીમ ઘટનાસ્થળે દોડી ગઈ હતી અને તેમને હોસ્પિટલમાં ખસેડ્યા હતા, જ્યાં તેમને પહોંચતા પહેલા મૃત જાહેર કરવામાં આવ્યા હતા, એમ અધિકારીએ જણાવ્યું હતું.

જીવનનો અંત લાવતા પહેલા મહેતાએ મલાઈકા અરોરા અને તેની બહેન અમૃતા અરોરાને ફોન કર્યો હતો અને કહ્યું હતું કે તેઓ બીમાર અને થાકી ગયા છે.

જ્યારે મહેતા કૂદી પડ્યા ત્યારે મલાઈકા અરોરાની માતા બિલ્ડિંગમાં તેના છઠ્ઠા માળના ફ્લેટમાં હતી, તેમણે ઉમેર્યું હતું કે આત્મહત્યા પાછળનું ચોક્કસ કારણ હજુ સુધી જાણી શકાયું નથી.

તેમના જણાવ્યા અનુસાર, મહેતા બોલિવૂડ અભિનેતાના સાવકા પિતા હતા. મીડિયા સાથે વાત કરતા ડેપ્યુટી કમિશનર ઓફ પોલીસ (ઝોન 9) રાજ તિલક રૌશને કહ્યું કે પ્રથમ દૃષ્ટિએ આ આત્મહત્યાનો કેસ લાગે છે.

દરમિયાન, એક સૂત્રએ કહ્યું, “તેમણે (મહેતા) આત્મહત્યા કરી નથી, તે એક અકસ્માત છે. તેઓ બધા આઘાતમાં છે કારણ કે તેમને કોઈ બીમારી કે એવું કંઈ નહોતું “. સૂત્રોએ જણાવ્યું હતું કે ગુરુવારે સવારે 11 વાગ્યે સાંતાક્રુઝના સ્મશાનગૃહમાં અંતિમ સંસ્કાર કરવામાં આવશે.

આ ઘટનાની માહિતી મળ્યા બાદ મલાઈકા અરોરાના પૂર્વ પતિ અરબાઝ ખાન, જે એક અભિનેતા અને નિર્માતા પણ છે, તેમણે તે ઈમારતની મુલાકાત લીધી જ્યાં મહેતા રહેતા હતા.

અરબાઝ ખાનના માતા-પિતા સલીમ અને સલમા ખાન, ભાઈ સોહેલ, મલાઈકા અરોરાના પુત્ર અરહાન ખાન, તેના પૂર્વ બોયફ્રેન્ડ અભિનેતા અર્જુન કપૂર અને નિર્માતા રિતેશ સિધવાની મહેતાના નિધનના સમાચાર આવ્યા બાદ મલાઈકાના માતાના ઘરે ગયા હતા.

# આલિયા વગર રણબીરે કર્યું ગણપતિ વિસર્જન



મુંબઈ, તા. 11 : અનેક સેલેબ્સ બાદ હવે બોલિવૂડ સુપરસ્ટાર રણબીર કપૂરે પણ ગણપતિજીનું વિસર્જન કરી દીધું છે. રણબીર તેની માતા અને અભિનેત્રી નીતુ કપૂર સાથે બાપ્પાને વિદાય આપતો જોવા મળ્યો હતો. રણબીરે મુંબઈમાં પોતાના ઘર પાસે એક નિશ્ચિત જગ્યાએ બાપ્પાનું વિસર્જન કર્યું હતું. રણબીરે તેની માતા સાથે બાપ્પાની આરતી પણ ઉતારી હતી અને હાથ જોડીને બાપ્પાને વિદાય આપી હતી.

બાપ્પાના વિસર્જન દરમિયાન રણબીર કપૂર ટ્રેડિશનલ લુકમાં જોવા મળ્યો હતો. જ્યારે નીતુ કપૂર પણ ટ્રેડિશનલ લુકમાં જ જોવા મળી હતી. જોકે, આ પ્રસંગે આલિયા જોવા મળી ન હતી. રણબીર કપૂર અને નીતુ કપૂરે આલિયા ભટ્ટ વિના ગણપતિ વિસર્જન કર્યું હતું.



# મહિલાએ નવ વર્ષ સુધી એક વિમાન સાથે જાતિય સંબંધ રાખ્યા

**મિશેલે** જણાવ્યું હવે તે બંને વચ્ચે બ્રેકઅપ થયું છે, જો કે તેઓ હજી પણ મિત્ર છે

લંડન, તા. 11: એક મહિલા જે નવ વર્ષથી એક વિમાન સાથે જાતિય સંબંધમાં હતી તેણે જણાવ્યું હતું કે તેણે વિમાન સાથે બ્રેકઅપ કર્યો છે પણ તેઓ હજી પણ મિત્ર છે.

36 વર્ષીય મિશેલ કબ્કે સૌપ્રથમ 2014માં બોઈંગ 737-800 સાથે પ્રેમ કર્યો હતો, જેને તે પ્રેમથી ‘ડાર્લિંગ’ કહે છે.

તેણે અગાઉ ‘ડાર્લિંગ’ વિશે કહ્યું હતુંઃ ‘737-800 મને ખૂબ જ આકર્ષક અને સેક્સી લાગે છે. તે સૌથી સુંદર રીતે બનાવવામાં આવેલ છે, અને તે ખૂબ જ આકર્ષક અને ભવ્ય વિમાન છે.’ તેણે જાહેર કર્યું કે તેણે તેના પાર્ટનર સાથે બ્રેકઅપ કર્યું છે, બ્રેકઅપ સૌહાર્દપૂર્ણ હતું અને ‘અમે હજી પણ મિત્રો છીએ.’

મિશેલને વર્ષો પહેલા ‘ઓબ્જેક્ટોફીલ’ નામની માનસિક બીમારીનું નિદાન કરવામાં આવ્યું હતુંઃ ‘હું સામાન્ય છું. પહેલા મને લાગ્યું કે હું પાગલ છું. પરંતુ પછી મને જાણવા મળ્યું કે હું એક ઓબ્જેક્ટોફીલે છું.’

‘તે એક સામાન્ય સંબંધની જેમ છે, અમે એકસાથે સાંજ પસાર કરીએ છીએ અને જ્યારે અમે સૂવા જઈએ છીએ, ત્યારે અમે એક બીજા સાથે આલિંગન કરીએ છીએ અને સાથે સૂઈએ છીએ’, એમ તેણે ઉમેર્યું હતું.

# મુંબઈના વેરહાઉસમાંથી જાણીતા ચિત્રકાર રઝાની રૂ. 2.5 કરોડની કિંમતનું પેઈન્ટિંગ ચોરી

મુંબઈ, તા. 11 (પીટીઆઈ) : પ્રસિદ્ધ કલાકાર સૈયદ હૈદર રઝાની એક પેઈન્ટિંગ, જેની કિંમત રૂ. 2.5 કરોડથી વધુ છે, દક્ષિણ મુંબઈના એક વેરહાઉસમાંથી કથિત રીતે ચોરાઈ ગઈ છે. એમ પોલીસે બુધવારે જણાવ્યું હતું.

એમઆરએ માર્ગ પોલીસ સ્ટેશનના એક અધિકારીએ જણાવ્યું હતું કે, 1992માં પ્રખ્યાત ચિત્રકાર દ્વારા બનાવવામાં આવેલ પ્રકૃતિ નામની પેઈન્ટિંગ, અસ્તાગુરુ ઓક્શન હાઉસ પ્રાઈવેટ લિમિટેડના વેરહાઉસમાંથી ચોરાઈ ગઈ હતી.

પોલીસે સોમવારે આ સંબંધમાં અજાણ્યા લોકો વિરુદ્ધ એફઆઈઆર નોંધી છે.

રઝા, જેઓ તેમની મોટા ભાગની કારકિર્દી માટે ફ્રાન્સમાં રહેતા અને કામ કરતા હતા, તેમનું 2016માં 94 વર્ષની વયે અવસાન થયું હતું.

અધિકારીએ જણાવ્યું હતું કે, તેની એક્રેલિક આર્ટવર્ક કોરોનાવાયરસ રોગચાળા દરમિયાન દક્ષિણ મુંબઈના બેલાર્ડ પિયર ખાતેના વેરહાઉસમાં રાખવામાં આવી હતી.

આ પેઈન્ટિંગ છેલ્લે માર્ચ 2022માં જોવા મળી હતી. એમ અધિકારીએ જણાવ્યું હતું.

વેરહાઉસમાં પેઈન્ટિંગ ન મળ્યા પછી હરાજી ગૃહના મુખ્ય વહીવટી અધિકારી સિદ્ધાંત શેટ્ટીએ ફરિયાદ સાથે એમઆરએ માર્ગ પોલીસનો સંપર્ક કર્યો હતો.

# નાઈજિરિયામાં ડેમ તૂટી પડતાં ભારે તબાહી



**ઝૂના** 80% પ્રાણીઓ મૃત્યુ પામ્યા, મગર અને સાપ વસ્તીમાં ઘૂસ્યા

અબુજા, નાઇજીરીયા (એપી)- ઉત્તરપૂર્વીય નાઇજીરિયામાં મંગળવારે એક ડેમ તૂટી પડ્યો હતો, જેના કારણે ભારે પૂર આવ્યું હતું અને પ્રાણીસંગ્રહાલયમાંથી જીવલેણ સરિસૃપ આ વિસ્તારના સમુદાયોમાં વહી ગયા હતા, એમ સ્થાનિક અધિકારીઓ અને પ્રાણીસંગ્રહાલયના મેનેજરે જણાવ્યું હતું. બોર્નો રાજ્યમાં 30 વર્ષ પહેલાં આ જ ડેમ તૂટી પડ્યો ત્યારથી રાજ્યમાં સૌથી ખરાબ પૂર આવ્યું હતું અને ઘણા રહેવાસીઓને તેમના ઘર છોડવું પડ્યું હતું. ઉત્તર નાઇજીરિયામાં આવેલા પૂરને કારણે સિંહો અને મગરોથી માંડીને ભેંસ અને શાહમૃગ સુધીના વિશાળ પ્રાણીસંગ્રહાલયમાં 80 ટકાથી વધુ પ્રાણીઓ મૃત્યુ પામ્યા છે. “મગરો અને સાપ જેવા કેટલાક જીવલેણ પ્રાણીઓ આપણા સમુદાયોમાં વહી ગયા છે”, સાન્ડા ક્યારિમી પાર્ક પ્રાણીસંગ્રહાલયે ઉત્તરીય બોર્નો રાજ્યમાં પૂર અંગેના એક નિવેદનમાં ઉમેર્યું હતું અને રહેવાસીઓને સાવચેતી રાખવાની વિનંતી કરી હતી.

# કર્ણાટકમાં ઓલાના ઈ-સ્કૂટરની રિપેરિંગની સમસ્યાથી કંટાળી ગ્રાહકે શો-રૂમમાં આગ લગાવી

નવી દિલ્હી, તા. 11 : ઉત્તર કર્ણાટકના કલાબુર્ગીમાં એક 26 વર્ષીય વ્યક્તિએ તેના ઈલેક્ટ્રિક સ્કૂટરની સમસ્યાઓનું સમાધાન ન થતાં નિરાશ થઈને 10 સપ્ટેમ્બરના રોજ ઓલા ઈલેક્ટ્રિક શો-રૂમમાં આગ લગાડી દીધી હતી.

મોહમ્મદ નદીમે 28 ઓગસ્ટના રોજ સ્કૂટર ખરીદ્યું હતું, પરંતુ તેણે વારંવાર એવી સમસ્યાઓનો સામનો કરવો પડ્યો હતો જેનું સમાધાન કરવામાં શો-રૂમના કર્મચારીઓ વારંવાર નિષ્ફળ ગયા હતા. પોલીસના જણાવ્યા મુજબ, શો-રૂમના કર્મચારીઓએ નદીમની સમસ્યાઓની અવગણના કર્યા બાદ નદીમે પેટ્રોલ ખરીદ્યું અને ગુસ્સામાં શો-રૂમમાં આગ લગાડી લીધી હતી. પહેલા અધિકારીઓએ શોર્ટ સર્કિટના કારણે આગ લાગી હોવાની આશંકા વ્યક્ત કરી હતી. જોકે, તપાસમાં ઈરાદાપૂર્વક આગચંપીનું કૃત્ય બહાર આવ્યું હતું.




આગને કારણે છ સ્કૂટર બળીને ખાખ થઈ ગયા હતા, પરંતુ તે સમયે શો-રૂમ બંધ હોવાથી સદનસીબે કોઈ જાનહાનિ થઈ ન હતી. આગ ઓલવવા માટે ફાયર સેફ્ટીના અધિકારીઓ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ગયા હતા.


